# સુરત મહાનગરપાલિકા

રીક્રુટમેન્ટ વિભાગ, પાંચમો માળ, નવી એનેક્ષી બિલ્ડીંગ, મહાનગરપાલિકા કચેરી, મુગલીસરા, સુરત.

* * * * * * * * *

સુરત મહાનગરપાલિકા સંચાલિત સુમન શાળાઓ ખાતે માધ્યમિક વિભાગમાં શિક્ષણ સહાયક કેડરની ગુજરાતી, મરાઠી, હિન્દી, ઉર્દુ તથા ઉડીયા માધ્યમની ખાલી જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે મંગાવવામાં આવેલ ઓનલાઈન અરજીઓ અન્વયે જે તે માધ્યમ માટેના નિયત વિષયોવાર **પ્રોવિઝનલ મેરીટ લીસ્ટ–૧ (PML-1)** આ અગાઉ પ્રસિધ્ધ કરી ઉમેદવારો પાસે વાંધાઓ મંગાવવામાં આવેલા હતા. ત્યાર બાદ **પ્રોવિઝનલ મેરીટ લીસ્ટ–૨ (PML-2)** પ્રસિધ્ધ કરવાનું નકકી કરવામાં આવેલ. પરંતુ જે ઉમેદવારો **PML-1** ના તબકકે વાંધા રજૂ કરવાનું ચૂકી ગયેલ છે તેવા ઉમેદવારો સહિત તમામ ઉમેદવારોના હિતને ધ્યાને લઈ સક્ષમ સત્તા ધ્વારા **PML-2** પ્રસિધ્ધ કરતા પહેલા સમાવિષ્ટ તમામ ઉમેદવારોના ડોકયુમેન્ટ વેરીફીકેશન કરવાનો નિર્ણય લેવામાં આવેલ છે. જે ઉમેદવારોએ **PML-1** ના તબકકે વાંધા અરજી આપેલ છે તેઓએ તેમની વાંધા અરજી અન્વયે થયેલ સુધારાની ચકાસણી વેરીફીકેશનના સમયે કરી લેવાની રહેશે.

ડોકયુમેન્ટ વેરીફીકેશન **તા.૦૩/૦૮/૨૦૨૨** થી **તા.૦૬/૦૮/૨૦૨૨** દરમ્યાન નીચે દર્શાવેલ સ્થળે કરવામાં આવશે.

**સુમન માધ્યમિક શાળા નં.૧૮, નારાયણ નગર, મિરામ્બિકા સોસાયટીની સામે, કાલાપુલ, પુણાગામ, સુરત.**

find location - https://maps.app.goo.gl/KdghmoQMXQKoSnAD6

સૂચનાઓ :–

- ડોકયુમેન્ટ વેરીફીકેશન માટે બોલાવવા જોગ ઉમેદવારોની માધ્યમ તેમજ વિષયવાઈઝ યાદી સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ https://www.suratmunicipal.gov.in/Information/Recruitment પર મુકવામાં આવેલ છે. ઉમેદવારે પોતાના માધ્યમ–વિષયની યાદીમાં અરજી નંબર સર્ચ કરી તેની સામે દર્શાવેલ તારીખ અને સમયે અચુક હાજર થવાનું રહેશે.
- ઉમેદવારોએ મોબાઈલ ઉપર SMS મળ્યા બાદ https://www.suratmunicipal.gov.in/recruitment/ પર જઈ પોતાની પ્રોફાઈલમાં લોગીન કરી અરજીની વિગતોની સામે પ્રિન્ટ ઓપ્શનમાંથી કોલલેટર ડાઉનલોડ કરી લેવાનો રહેશે તથા સાથે સામેલ કરેલ સૂચના મુજબ અમલ કરી રીપોર્ટીંગ સમયે અને સ્થળે સ્વખર્ચે ઉપસ્થિત થવાનું રહેશે.
- જો કોઈ અનિવાર્ય સંજોગોમાં ઉમેદવાર પોતે હાજર રહી શકે તેમ ન હોય તો તેમના પ્રતિનિધિને કારણ દર્શાવતો આધારભુત ઓળખકાર્ડ અને સહીના નમુના સાથેનો ઓથોરીટી લેટર આપી પોતાના સ્થાને ડોકયુમેન્ટ વેરીફીકેશન માટે મોકલી શકશે. (ફકત અનિવાર્ય સંજોગોમાં જ)
- સોશ્યલ ડીસ્ટન્સ જાળવવા સ્થળ ઉપર ફકત ઉમેદવાર અગર તો તેમના વતી હાજર પ્રતિનિધિને જ પ્રવેશ આપવામાં આવશે. અન્ય કોઈ સાથી/સગાઓને પ્રવેશ આપવામાં આવશે નહી.
- ડોકયુમેન્ટ વેરીફીકેશન દરમ્યાન ઉમેદવારોની જે તે માધ્યમ/વિષય માટેની અરજીના અનુસંધાને શૈક્ષણિક લાયકાતો તેમજ અન્ય વિગતોની ખરાઈ કરવામાં આવશે અને સંબંધિત માધ્યમ તેમજ વિષય માટેની નિયત શૈક્ષણિક લાયકાત પુરવાર કરનાર ઉમેદવારનો **પ્રોવિઝનલ મેરીટ લીસ્ટ–૨ (PML-2)** માં સમાવેશ કરી પ્રસિધ્ધ કરવામાં આવશે અને ત્યારબાદ જે તે માધ્યમ માટે વિષયવાર/કેટેગરીવાર આખરી પસંદગીયાદી/પ્રતિક્ષાયાદી તૈયાર કરવામાં આવશે.
- જો કોઈપણ ઉમેદવાર કોલેલેટરમાં સુચવ્યા મુજબના ડોકયુમેન્ટ સાથે સૂચવેલ તારીખ, સમય અને સ્થળે ઉપસ્થિત નહી રહેશે અગર તો જે માધ્યમ/વિષય માટે અરજી કરેલ છે તે માટેની નિયત શૈક્ષણિક લાયકાત પુરવાર ન કરી શકશે તેવા ઉમેદવારની ઉમેદવારી રદ ગણી તેઓનું નામ મેરીટયાદીમાંથી કમી કરવામાં આવશે. જેની ખાસ નોંધ લેવી.
- PML-1, ડોકયુમેન્ટ વેરીફીકેશન કે PML-2 ના લીસ્ટમાં ઉમેદવારનું નામ સમાવિષ્ટ થયેલ હોવા માત્રથી ઉમેદવાર સદર જગ્યા માટે પાત્રતા ધરાવતા હોવાનો કે નિમણૂંક માટેનો હકક દાવો કરી શકશે નહી.
- સદરહુ શિક્ષણ સહાયક કેડર સંબંધિત જાહેરાતમાં દર્શાવ્યા મુજબના સરકારશ્રીના શિક્ષણ વિભાગ તેમજ સંબંધિત વિભાગોના ઠરાવો/જાહેરનામાની જોગવાઈ ધ્યાને લેવામાં આવશે.